સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સુરક્ષામાં છીંડા પાડી ચકમો આપી જાય છે!
ને કાશ્મીરમાં ઘરે-ઘરે ઠાણાં થાપી જાય છે!
ચાંપી જાય ચિનગારી શાંતિ અને ભાઈચારામાં -
ને દુશ્મનો નાક સહિત માથાં કાપી જાય છે!!
(બણગાખોરોનાં બાલીસ નિવેદનો..)

હાઈકુ

લ્યો ! કરો શ્રાદ્ધ !
જીવતે ન જમાડ્યાં -
બિચારાં પિતૃ!!

સરકાર ને -
છે વાર્તાલાપ માટે,
થનગનાટ...

ચિંતન

અધ્યાસ નામ ખલ્વેપ વસ્તુનો યોઽન્યથાગ્રહ: ।
સ્વાભાવિકભ્રાન્તિમૂલં સંસૃતેરાદિકારણમ્ ॥

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત સિદ્ધાંત સારસંગ્રહ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

'અધ્યાસ' એટલે જે વસ્તુ જે સ્વરુપમાં હોય તેને તેથી જુદા (વિપરીત) સ્વરુપે ગ્રહણ કરવી. એ સ્વાભાવિક ભ્રાંતિનું મૂળ અને સંસારનું પ્રથમ કારણ છે.

આ સંસાર-વ્યવહારમાં એવી અનેક માયાવી-લોભામણી-આકર્ષણ વસ્તુઓ - બાબતો છે જે જોઈને બાળસહજ વૃત્તિથી કે અજ્ઞાનથી તેમાં લોભાઈ જાય - મોહિત થઈને તેને વળગી રહે - માનવીમાં જ્ઞાન આવે - વિવેક આવે ત્યારે તેને તે વસ્તુ સાચા સ્વરુપે દેખાય છે. દા.ત. સોનું, સુંદર સ્ત્રી, ભોગવિલાસ વગેરે....

સુવિચાર

- માણસો વિસ્મૃતિનું બહાનું કાઢશે, પણ નબળી નિર્ણયશક્તિનો ઉલ્લેખ નહીં કરે - **ચંદ્રકાન્ત મહેતા**
- જીવન આખું શિક્ષણકાર્યમાં વિતાવ્યા પછી મને સમજાયું ચે કે જે શિક્ષક વિદ્યાર્થીઓને વિચારવાની ટેવ નથી પાડતો તે શિક્ષખ નથી - **ગુણવંત શાહ**
- સાચી કેળવણી એટલે રોટલો કેમ રળવો એ નહીં પણ પ્રત્યેક કોળિયાને કેમ વધુ મીઠો બનાવવો એનું નામ કેળવણી - **ઈશિતા**
- નીયતી સાથે સમર્પણ જોઈએ, પ્રારબ્ધ અને પરિશ્રમ સાથે પ્રેમ ભળવો જોઈએ... આવા સથવારા વગર જીવન જીવવાનો આનંદ મળતો નથી - **ધીરુભાઈ ઠાકર**
- પીડા વગરનો પ્રેમ અને વેદના વિનાનું જીવતર એ તો લૂણ વગરના ધાન જેવા જ હોવાનાં - **પન્નાલાલ**
- શિક્ષણથી વધીને કોઈ ડૉકટર નથી અને સાધનાથી વધીને કોઈ દવા નથઈ - **અરવિંદ**
- આજનું ઔષધ : દ્રાક્ષના રસમાં મધ મેળવી પીવાથી યૌવન જળવાય છે અને દૃષ્ટિનું તેજ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આચાર્ય નરેન્દ્રદેવ કાશી હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા. યુનિવર્સિટી તરફથી એમને કાર આપવામાં આવી હતી. સરકારી કામ માટે તેઓને કારનો ઉપયોગ કરતા અને તેમનાં પત્નીને બાળકોને કયારેક ક્યાંક જવા આવવાનું થાય તો બસમાં કે રિક્ષામાં જ પ્રવાસ કરતા. એકવાર નરેન્દ્ર દેવને મળવા મહેમાન આવ્યા. મહેમાનના વિદાય થતી વેદા પત્નીએ નરેન્દ્રદેવને રસોડામાં બોલાવી કહ્યું, 'આપણે ભલે કારનો અંગત કામમાં ઉપયોગ કરતા નથી પણ મહેમાનોને કારમાં જ મોકલવા જોઈએ. બહાર આંગણામાં કાર ઊભી છે અને મહેમાનોને આપણે રિક્ષામાં જવા દઈશું તો તેમને ખરાબ લાગશે.' નરેન્દ્ર દેવ મુંઝવણમાં મુકાઈ ગયા તેઓ પોતાના સિદ્ધાંતને ભંગ કરવા નહોતા માગતા. પત્નીને એમને જવાબ આપતા કહ્યું, 'ભલે, મહેમાનો કારમાં જ જશે.' એમ કહી નરેન્દ્ર દેવ ડ્રાઈવરને બોલાવીને કહ્યું, 'મહેમાનોને કારમાં બેસાડી એમના ઘરે મૂકી આવો.' અને સો રૂપિયા આપતાં કહ્યું, 'આ પૈસાથી કારમાં પેટ્રોલ પણ પૂરાવી દેવું.' મહેમાન ગયા પછી નરેન્દ્ર દેવ પત્નીને કહ્યું, મહેમાનોને મૂકવા જવા એ આપણું અંગત કામ છે એના માટે હું યુનિવર્સિટીની કારનું પેટ્રોલ બાળી શખું નહીં, જો એમ કરું તો હું ચોર ગણાઉં.' આચાર્યની વાતનો પત્ની પાસે કોઈ ઉત્તર ન હતો.

શ્રાદ્ધ પર્વની ઉજવણીમાં વિજ્ઞાન છે

તંત્રીસ્થાનેથી...

ભારતીય સંસ્કૃતિમાં જીવન પછીના જીવનનો પણ મહિમા કરાયો છે. ભાદરવા મહિનામાં આવતા 'શ્રાદ્ધ પક્ષ'ની વ્યવસ્થા અન્ય કોઈ ધર્મ સંપ્રદાયમાં ભાગ્યે જ જોવા મળશે. આખેઆખું એક પખવાડિયું આપણા પૂર્વજો અને પિતૃઓ માટે ફાળવાયું છે. આ 'પિતૃ પક્ષ' દરમિયાન હિંદુ પરિવારો દિવંગત સ્વજનોને યાદ કરી એમને પહોંચશે જ - એવી શ્રદ્ધા સાથે કાગવાસ નાખે છે. કાગડા સ્વરુપે જાણે પિતૃ જ આવ્યા અને જમી ગયા એવું કાલ્પનિક આશ્વાસન લે છે. આપણી સંસ્કૃતિ મૂળભૂત રીતે જ કાવ્યાત્મક સંસ્કૃતિ છે. ઋષિ મુનિઓએ જ કલ્પનાઓ રજૂ કરી તે સામાન્ય પ્રજાને સાચી માનીને સ્વીકારી લીધી. દાખલા તો ઢગલાબંધ છે, પણ આપણે શ્રદ્ધાવાન લોકોની પરંપરાગત શ્રદ્ધાને ઠેસ નથી પહોંચાડવી. હિમાલય તો પર્વત છે, એને વળી પરિવાર હોય? પાર્વતી હિમાલયની ગોદમાં આવેલા કોઈ પ્રદેશમાં વસતા ખાનદાન પરિવારની પુત્રી હોઈ શકે. પરંતુ આપણે એવી પળોજણમાં પડી મગજને કષ્ટ આપવા માગતા નથી. ગણપતિ જેવો ચિત્ર વિચિત્ર જીવ હોઈ શકે ખરો ? કવિએ કહ્યું એટલે આપણે માની લીધું. એટલું જ નહીં, એનું પૂજન-અર્ચન ફરજિયાત બનાવી દીધું. શ્રાદ્ધની સંકલ્પના પણ આવી જ કાવ્યાત્મક સંકલ્પના છે. પરંતુ એમાં અંતર્નિહિત ઉદ્દેશ અને ભાવના ઉત્તમ છે, એમાં શંકાને સ્થાન ન જ હોઈ શકે. જે હયાત નથી એવા ગત પેઢીના પૂર્વજો પ્રત્યેનો એમાં અનહદ આદરભાવ વ્યક્ત થાય છે. જે તિથિએ દિવંગત સ્વજને દેહ છોડ્યો હોય તે મુજબ ભાદરવાના કૃષ્ણ પક્ષમાં આ તર્પણ કરાય છે. પરંતુ પૂનમના દિવસે ગુજરી જનારનું ભાદરવાની પૂનમે જ શ્રાદ્ધ કરવામાં આવતું હોઈ શ્રાદ્ધપક્ષ અને દિવાળીના પર્વના દિવસો - આમ આપણા પૂર્વજોએ કેવી સુંદર યોજના કરી છે! વળી શ્રાદ્ધ પક્ષ ભાદરવામાં આવે છે કે જયારે વરસાદને કારણે જયાં ત્યાં કાદવકીચડ થયો હોય, માખી-મચ્છરનો ઉપદ્રવ હોય. આ શરદઋતુ છે, જે બીમારીની માતા છે. ડૉકટર માટે એ કમાવાની સીઝન છે. સ્વાસ્થ્ય સચવાય તે માટેનું આગોતરું આહાર નિયોજન શ્રાદ્ધ પક્ષમાં અંતર્નિહિત છે. પિતૃતર્પણના આ પવિત્ર દિવસોમાં કોઈ 'સારું' કામ, કોઈ નવા સાહસની શરુઆત, લગ્નસંબંધ કે સગાઈ અથવા ગૃહપ્રવેશ - વાસ્તુ જેવા પ્રસંગો વર્જ્ય ગણાયા છે. તમને આશ્ચર્ય થશે કે આવા પવિત્ર દિવસોને અપશુકનિયાળ કેમ ગણ્યા હશે ? તો એનું કારણ છે આ શરદઋતુનું બિનઆરોગ્યપ્રદ વાતાવરણ. શુભ પ્રસંગો પર ભરપેટ જમણવાર થતા હોય તે આવી ઋતુમાં જ ચાલે. એથી પેટ ખરાબ થાય. તે કરતાં ખીર જેવી સુપાચ્ય વાનગી જે શ્રાદ્ધ-તર્પણ તરીકે પિતૃઓને ધરાવીને જમવાની વ્યવસ્થામાં ભારોભાર વિજ્ઞાન સમાયેલું છે. શ્રાદ્ધપક્ષમાં એક 'ડોશીઓની નોમ' આવે છે. એનું આયોજન પણ સમજણપૂર્વકનું છે. પુરુષ પૂર્વજોની મૃત્યુતિથિ તો પુરુષપ્રધાન સમાજમાં બારોટના ચોપડે પણ નોંધાતી હોય અને વારસાઈ હક્કો માટે એને સરકારી ચોપડે પણ નોંધાવવી પડે. ડોશીઓ મરે કે જીવે - એની કોણ પરવા કરે છે? (અલબત્ત, આ જુનવાણી, પરંપરાગત, ગ્રામીણ અભિગમ છે, પણ એ કઠોર વાસ્તવ છે એની ના નહીં પાડી શકાય.) એટલે બધી મરણશરણ થયેલી માડીઓને એક જ તિથિએ સરાવી દેવાની પ્રથા શરૂ થઈ હોવી જોઈએ. હવે તો આપણે 'તારીખિયા' સંસ્કૃતિ સ્વીકારી હોઈ પિતૃઓ કઈ તિથિઓ ગુજરી ગયા હતા તે પણ યાદ નથી રાખતા. પરંપરાઓ ભૂંસાતી જાય છે એની સાથે નવી ઊભી પણ થતી જાય છે. હવે આપણે જન્મતિથિ અને પુણ્યતિથિ નહીં પણ બર્થડે અને તારીખ મુજબની મૃત્યુ તિથિ ઊજવવા લાગ્યા છીએ.

એક જુઠ્ઠાણું સો સાચ બરાબર

નવાં કલેવર
નટવર હેડાઉ

ઓફીસથી પરત ફરતાં ગુંજનની ડાબી આંખ ફરકી. તે મનમાં વિચારવા લાગી, આ તો કંઈક અણછાજતું થયાના સંકેત છે. કદાચ ઘરમાં મહાભારત થઈ ગયું હશે. નાના ભાઈ ગૌરાંગને કારણે, તે ભંગારવાળાની છોકરીને લઈ ભાગી ગયેલો. નાત આખીમાં મા-બાપનું નાક કપાવી નાંખ્યું. ગુંજન આ બધા વિચારો કરતી આગળ વધતી હતી.

સાંજ ઢળવા આવી હતી. દિવસ હવે કંઈક ટૂંકો થતો હોય તેવું તેને લાગ્યું. વૃક્ષોની ઘટાઓમાંથી અંધકાર ઉતરી રહ્યો હતો.

મુખ્ય રસ્તો પસાર કહી તે પોતાના ઘર તરફ જતા નાના રસ્તા પર આવી ગઈ હતી. અહીં લોકોની અવરજવર બીલકુલ ઓછી હતી. થોડી થોડી વારે કોઈ વાહન સામે મળતું હતું. સ્ટ્રીટ લાઈટો પણ હજુ ચાલુ થઈ ન હતી.

મનમાં શંકાનાં વાદળો ઘેરાતાં હતાં. ઝડપથી ઘેર પહોંચવા તે ઉતાવળી થઈ હતી. પંખીઓ પણ માળામાં પરત ફરી રહ્યા હતા. પવન ધીમો ધીમો વહી રહ્યો હતો. તેમાં તેના વાળની લટ વારંવાર ઊડીને આંખ પર આવતી હતી. જેને કીક કરવામાં તેના વિચારો અને ચરણની ગતિ મંદ પડતી હતી.

અચાનક પાછળ ત્રણચાર બાઈકો ધમધમાટ કરતાં શાંતિને ચીરતાં ધસી આવવાનો અવાજ તેણે સાંભળ્યો. ધૂમ સ્ટાઈલથી આવી રહેલા બાઈક ચાલતો પળવારમાં તો તેની નજીક આવી ગયા. તેમાંથી છેલબટાઉ જેવો એક યુવક બોલ્યો.

'અરે ! એવી શું ઉતાવળ છે. અમને નથી મળવું.' કહેતાં આજુબાજુ બાઈકો મુકી દઈ ત્રણ ચાર યુવાન છોકરાઓએ તેને ઘરી લીધી.

ગુંજન પરસેવો... પરસેવો થઈ ગઈ. તેને સમજણ પડતી નહોતી કે હવે શું કરવું. બધા દેવ-દેવીઓ ને યાદ કર્યા. હતી એટલે હિંમત એકઠી કરી એક ઝટકે પાછળ ફરીને બોલી.

'હાં... હાં... આવો તમારે મને જ મળવું છે ને, મલીએ... આમ પણ હું એકલી થઈ ગઈ છું. બધા મારાથી દૂર ભાગે છે.' છોકરાઓની અશ્લીલ વાતોની તેના પર જાણે કે કોઈ અસર થઈ જ ન હોય તેમ તેણે કહ્યું.

તેવામાં એક છોકરો માટેથી હસતો હસતો બોલ્યો. 'ચલ યાર, આજ તો આપણી લોટરી લાગી ગઈ.'

બીજા એકહથ્થું, 'હાં, આજ તો મજા પડી જવાની. શું રૂપ છે. શું ચાલ છે.'

પણ અચાનક છોકરાઓ હતપ્રભ થઈ ગયા. આવી છોકરી તો પહેલીવાર જોઈ. તેમાંથી એક જણે પૂછ્યું. 'તને ડર નથી લાગતો ?'

'ડર... શાનો ડર... કેવો ડર...'

'અરે યાર, આ તો બહુ બોલ્ડ છે. કંઈ ગરબડ તો નહીં હોય ને ?'

'સારું ઊભો રે, એ મીસ વાત શું છે. ધંધો કરવાવાળી છે ?'

'ના એઈડ્સ વાળી'

આટલું સાંભળતા જ છોકરાઓ ઊભી પૂંછડીએ ભાગ્યા. ગુંજન હવે સલામત હતી. કયારેક એક જુઠ્ઠાણું સો સાચ બરાબર થઈ જતું હોય છે.

ગુંજન હવે શાંત ચિત્તે પોતાના ઘરની ગલી તરફ વળી ગઈ.

સુખી થવા માટે મન ભરીને જીવો, મનભંગ રોકો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સવારનાં સૂર્યોદય સમયે આકાશી નજારો અને પંખીઓની મધુર આવાજ સાથે ચહલ-પહલ જોઈ આપણી જ ઉઘડતી આંખોમાં કુદરત પણ આવીને દિલ સુધી ઉતરી જાય છે. દરેક સૂર્યોદય જીવનને મળતી એક નવી તક હોય છે. સૂર્ય ઉગે અને લાગે કે આપણું અસ્તિત્વ છે ઈશ્વરે આપણા અમૂલ્ય જીવનમાં આજના દિવસનો ઉમેરો કર્યો એટલે ઈષ્ટદેવને યાદ કરી નિત્ય કમમાં ગોઠવાતા હોઈએ છીએ. કૂકડાના બોલવાથી કદી સૂર્ય ઉદય થતો નથી પરંતુ આકાશમાં તેજ સૂર્યનું જોવા મળે કે કૂકડો બોલવા લાગે છે. સૂર્ય, ચંદ્ર, તારા, નદીઓ, પર્વતો, વૃક્ષો એ બધું જ જીવનને ચલાવવા, મધુરપ દેવા કુદરતે બક્ષીસ તરીકે આપ્યા છે તેમ છતાં સભ્ય માનવ સમાજે પૃથ્વી ઉપર પર્યાવરણ સહિત બધુ વિકૃત કર્યું છે. આપણે બે શબ્દોના અર્થ સમજવામાં ખુબ જ ભૂલો કરી છે આ બે શબ્દો એટલે કે આઝાદીની જરૂરત પડે અને એ પ્રમાણે જીવવામાં આવે તો વિકસિત થવામાં કોઈ વિઘ્ન નડતું નથી. જીવનમાં બધા ને જીવવું પસંદ છે ઉપરાંત મનપસંદ જીવન સૌનું લક્ષ્ય છે. ત્યારે આપણે એ જાણવું જ પડે કે મનભરીને જીવવાનો અર્થ વાસ્તવમાં શું છે? જીવન એ ઈશ્વરની બક્ષિસ છે જેમાં પ્રારબ્ધ અને કર્મ અનુસાર બધાનો સંયોગ પ્રાપ્ત થાય છે વિયોગ પણ તેનો જ હિસ્સો હોય છે ત્યારે જીવનની પ્રત્યેક ક્ષણ વિત્યા બાદ તેઓ આનંદ અને હર્ષ પ્રાપ્ત થવો જોઈએ. જીવ્યુ સાર્થક થાય તો સંતોષ-આનંદ સ્વયં પ્રગટે છે. જે કોઈ કર્મ થાય તે અપેક્ષા રહિત અને પરહિત માટે થાય ત્યારે એ પૂજા બની જાય છે ત્યાં આનંદ જ આવી શકે છે ! મનભંગ થવો એટલે જીવતી લાશ હરતી ફરતી રહે અને જે કંઈ જ પ્રાપ્ત કરી શકે નહીં. સંવેદના જાય પછી ઔપચારિકતા જ વધે છે.

જગત તો મતલબી છે અને રહેશે માટે લોકોનાં શબ્દોથી દુઃખી થવાનું વલણ ત્યાગવું જ પડે. પોતાની મસ્તીથી ખુદમાં રહેલા ખુદાને રાજી રાખવા જીવવું એ મનભરીને જીવ્યુ ગણાય ! વાસ્તવિકત જગતમાં તો રહ્યો નથી આનંદ કે નથી રહ્યો ઉમંગ અને અફસોસ વચ્ચે પરિવારો આત્મઘાતના માર્ગે ચાલી રહ્યા છે. શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વિશ્વાસ જેવા તત્ત્વોને નજીક જઈને ઓળખવા જ પડે છે. અન્યથા મનોરોગ જીવનને ઘેરી વળે છે, કૃષ્ણ કહે છે કે હું તારી રક્ષા કરું છું પરંતુ તુ તારા કર્મ વિશે સાવધ રહેજે તેમાં કોઈ કશું કરી - શકશે નહીં. હવે કર્મ કરતી વખતે જ વધુ વ્યાજબી હોય તે કાળજી માણસે રાખવી જ પડે અને મનના અવાજ ને જાણવો પડે. તોરા મન દરપન કહેલાયે, ભલે બુરે સારો કર્મો કો દેખ ઔર દિખાયૈ...!! અર્પણ કોઈને એવી રીતે થાઓ કે એને સમર્પણ કરવું પડે. મન ભરીને જીવન જીવવા જે ઉપલબ્ધ છે તેનો આનંદ લેવો અને વધુ મેળવવાની તીવ્ર જિજ્ઞાસા પણ ના હોવી. હકારાત્મક વલણથી જીવનમાં રંજની અસર ઘટે છે. લોકોના મનભંગ ખુબ જ થઈ રહ્યા છે તેને રોકવાની જરૂરત છે. ઉપાય કયા હોય? પ્રથમ, લોકો શું કહેશે એ માનસિકતામાંથી બહાર નીકળવું બીજું યોગ્ય સમયે સમયને સાંચરવો. ત્રીજું કર્મફળની આશાઓ પણ ત્યાગ કરવો. ચોથું કર્તવ્ય નિભાવવાં કદી અધૂરપ ના રાખવી. પાંચમું યાદ રાખો સ્નેહની કડી છે સર્વમાં વડી અર્થાત્ પ્રેમથી કંઈ પણ કરો કદી મનભંગ થશે નહીં. આચાર વ્યવહાર અને પ્રાયશ્ચિત પોતાની સક્ષમતા કે શક્તિ મુજબ જ કરવા તેનું શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને આદેશથી જણાવ્યું છે. જીવનને કદી સજા માની ને જીવવું નહીં જોઈએ કેમ કે તેમાંથી જ આપત્તિઓ ઊભી થઈ જાય છે. જીવન જીવવું ફરજિયાત છે અને આત્મઘાત્ ના કરવો તેવું શાસ્ત્રોમાં પણ કહેવામાં આવ્યું છે. મનભરીને જીવો તો જીવન અમૂલ્ય અવસર જ છે.

મનભરીને જીવતા લોકો માટે એક સુંદર શેર છે :

'વસંતોનો ક્રમ ગોઠવ્યો જેમણે
એ પોતે સદા પાનખરમાં રહ્યા'

મનભંગ ના થવા આ પાંચ વસ્તુઓ છોડી દેવી પડે

- લોકોને જજ કરવાનું છોડી દો.
- જીવનમાં ડરવાનું છોડી દો.
- ભૂતકાળમાં જીવવાની આદત છોડી દો.
- સ્વયંને નિમ્ન ગણવાની માનસિકતા છોડી દો.
- બહુ વિચારવાનું પણ છોડી દો.

'હમારી આરજુઓને હમેં ઈન્સાં બના ડાલા
વર્ના જબ જહાં મેં આયે થે બન્દે ખુદા કે થે'

પરિવારજનો ને સ્નેહ આપવો, ખુદ ને ખુશ રાખવું, લોકોને સમયે હૂંફ આપવી, ભૂખ્યાજનોને ભોજન આપવું, આ રીતે સ્વયંના જીવનને સાર્થક કરવાની પ્રક્રિયામાં જ નીજાનંદ છૂપાયેલો છે. પોતાની મસ્તીમાં જીવતી વ્યક્તિને કોઈની વાહ-વાહની જરૂર પડતી નથી.

અપનાપન, પરવાહ, આદર
ઔર થોડા સમય
યહીં હૈ વો દોલત જો અકસર
હમારે અપને હમ સે ચાહતે હૈ

શેર આસ્વાદ :

કંઈ અમસ્તુ સાથે નથી રહેવાતું
સાથે રહેવાનું કારણ જીવંત રાખવું પડે છે.

પ્રામાણિકતા-નિતિમત્તા

પ્રમાણિકતા અને નીતિમત્તા આમ તો પર્યાયવાચી શબ્દો જ છે. આજે કળિયુગમાં પ્રામાણિકતા અને નીતિમત્તાના પ્રસંગે પણ બનતા જ હોય છે. રિક્ષાચાલક મૂળમાલિકને લાખ રૂપિયાની રકમ પહોંચાડે છે અને વળી કોઈ બક્ષિસ પણ ન સ્વીકારે તેનું નામ જ પ્રમાણિકતા, ખરી નિતિમત્તા છે.

Obedience to physical law Will render obedience to moral law comparatively easy.

- Issac jenninem. D.

જમાનો આગળ વધતો જશે તેમ ધન, કીર્તિ કે સેક્સમાંથી કોઈ આનંદ નહીં મળે, શરીર સ્વસ્થ હશે

થોટ
નટવર આહલપરા

અને આરોગ્યનો તરવરાટ હશે તો તેમાંથી જ સુખ મળી શકશે. આ સુખ આધુનિક જીવનમાં સૌ માણસોના હાથમાંથી છટકી ગયું હશે. જો હવે માણસ ચેતીને તેનો આહાર સાદો કરશે, બ્રહ્મચર્ય પાળશે અને રહેણી-કરણીમાં સંયમ રાખશે તો જ આરોગ્ય પ્રાપ્ત કરીને સુખી થઈ શકશે. અને જો શરીર સારું હશે, સ્વાસ્થ્ય સુંદર હશે તો આપોઆપ નૈતિકતા - પ્રમાણિકતા આવશે.

જીવનના બીજા વ્યવહારમાં પછી પ્રમાણિક બનવાનું અને નૈતિક રહેવાનું સરળ બનશે. પ્રમાણિક અને નૈતિક જીવન જીવતો માણસ હંમેશા મનથી પણ સ્વસ્થ, પ્રસન્ન અને તંદુરસ્ત રહે છે. પ્રમાણિકતા અને નીતિમત્તાનું ઠેર ઠેર સન્માન થાય છે, અપમાન થતું નથી.

સરદાર પટેલ, લાલબહાદુર શાસ્ત્રી, રાધાકૃષ્ણન, પ્રભાશંકર પટ્ટણી કેટકેટલાય મહાનુભાવો આજે પણ તેમની પ્રમાણિકતા અને નીતિમત્તાથી સૌના દિલમાં જીવી રહ્યા છે.

વાત ને પડતી મૂકીએ નહિતર સંબંધો પડતા મુકાઈ જશે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

મારી એક ટ્રેનની લાંબી મુસાફરી દરમ્યાન વહેલી સવારે એક સ્ટેશનથી એક દંપતી અમારા કંપાર્ટમેંટમાં ચડ્યું અને પોતાની જગ્યા લીધી. પતિ-પત્ની બંનેની વય લગભગ પાંત્રીસ-ચાળીસ વર્ષની હશે. બંનેએ જ્યારે કંપાર્ટમેંટમાં પ્રવેશ કર્યો ત્યારે તેઓના ચહેરા ઉપર તણાવ હોય એવું લાગતું હતું, બંને વચ્ચે કોઈક ગંભીર વિવાદ થયો હોય એવા ભાવ દેખાતા હતા. પતિ આક્રમક મૂડમાં હોય એવું લાગતું હતું. કંપાર્ટમેંટમાં આવતાની સાથે જ પતિ-પત્નિ બંનેની અને ખાસ કરીને પતિની કેટલીક હરકતોથી કંપાર્ટમેંટના કેટલાક મુસાફરો જે વહેલ સવારની નીંદર માણતા હતા તેઓ પણ જાગી ગયા. બંનેનો સામાન ગોઠવાયો, બંનેએ પોત-પોતાની જગ્યા લીધી. થોડીવાર બંને વચ્ચે સ્મશાનવત શાંતિ રહી, જાણે કે યુધ્ધ પહેલાની શાંતિ અને પછી અચાનક પતિ તરફથી ભયંકર વિસ્ફોટ થયો. સૌનું ધ્યાન તેમના તરફ દોરાયું અને કેન્દ્રિત થયું. બંને વચ્ચે અગાઉથી ચાલી રહેલા વિવાદને પતિએ આક્રમક રીતે આગળ વધાર્યો.

વિવાદમાં ને વિવાદમાં બંને વચ્ચે ઉગ્ર દલીલો શરૂ થઈ, આક્ષેપબાજી થવા લાગી, એકદમ ચડભડ થવા લાગી અને એ દલીલોએ લગભગ ઝઘડાનું સ્વરૂપ લઈ લીધું.

મૂળ વાતમાં ખાસ કોઈ દમ હતો નહીં. વાત એમ હતી કે પતિ-પત્ની બન્નેમાંથી કોઈની એક નાની ભૂલને કારણે તેઓ ટ્રેનને પકડવાનો સમય સાચવી ના શક્યા તેને કારણે આગલી રાત્રે તેઓ ટ્રેન ચૂકી ગયા હતા. રાત્રે ટ્રેન ચૂકી જવાને કારણે તેઓને સવારની આ ટ્રેનમાં મુસાફરી કરવાની ફરજ પડી. આગલી રાત્રે ટ્રેન ચૂકી ગયા તેનો દોષ પતિ તેની પત્ની ઉપર ઢોળતો હતો અને પત્ની એ સાબિત કરવા માંગતી હતી કે પોતાના કારણે ટ્રેન ચૂક્યા ન હતા. પતિ વધારે આક્રમક હતો. પતિ માત્ર દોષારોપણ જ કરતો ન હતો પણ રાત્રીની ટ્રેન ચૂકી જવાને કારણે પોતાને કેટલી હેરાનગતિ થઈ તેનું ગુસ્સે થઈને વિગતવાર વર્ણન કરતો હતો. ટ્રેન ચૂકી જવાને કારણે નિશ્ચિત સ્થળે ધાર્યા કરતાં મોડા પહોંચશે તેની પણ ચિંતા વ્યક્ત કરતો હતો.

આવું માત્ર એક જ વાર નહીં પણ વારંવાર બન્યા કરે છે એવી પતિ ફરિયાદ પણ કરતો હતો. ભૂતકાળમાં આવું કેટલીવાર બન્યું હતું તે પ્રસંગો પણ આંગળીના વેઢા ગણીગણીને ગણતરી કરાવતો હતો. ભૂતકાળના દાખલાઓ આપીને પણ પતિ ચૂપ ના થયો. ભૂતકાળમાં જ્યારે જ્યારે આવું થયું હતું ત્યારે ત્યારે કેવી કેવી હેરાનગતિ થઈ હતી, કેવું કેવું નૂકશાન થયું હતું તેની પણ ગણતરી કરાવતો હતો. ભૂતકાળમાં જ્યારે જ્યારે પત્નીની ભૂલ થકી આવું બન્યું હશે ત્યારે ભવિષ્યમાં આવું ફરીવાર નહીં બને પત્નિએ એવી ખાતરી આપી હશે. પત્નિએ આપેલી તે એક એક ખાતરીઓની યાદ અપાવીને એમાં કોઈ સુધારો નથી થતો એવું પણ પતિ દોષારોપણ પણ કરતો હતો. પતિએ પોતાના કેટલાક પાડોશીઓ, સ્નેહીઓ, મિત્રો અને સંબંધીઓની સ્ત્રીઓના દાખલાઓ પણ આપ્યા અને તેના દ્વારા એ સાબિત કરવા માંગતો હતો કે બીજી સ્ત્રીઓની સરખામણીએ પોતાની પત્નિ સમયની બાબતમાં બિલકુલ લાપરવાહ છે અને તેના કારણે પોતે હેરાન-પરેશાન થયા કરે છે, નુકશાન વેઠતા રહેવું પડે છે, પોતાની આબરૂના ક્યારેક ધજાગરા થતાં રહે છે. પતિ આવા તો ઘણા બધા દાખલા આપીને, દલીલો કરીને પોતાનો ગુસ્સો અને નારાજગી વ્યક્ત કરતો રહ્યો.

ટ્રેન જેવા જાહેર સ્થળે પતિની આ પ્રકારની હરકતથી પત્નિ વાજ આવી ગઈ હતી તેથી પત્નિએ પતિની વાતને પૂર્ણવિરામ મુકાય તેના માટે ઘણી કોશિશ કરી. પત્નીએ એમ પણ સાબિત કરવા પ્રયત્ન કર્યો કે રાત્રીની ટ્રેન ચૂકી ગયા પણ તેનાથી મોટું મોટું નૂકશાન નથી થયું. પત્નીએ એમ પણ કહ્યું કે નિશ્ચિત સ્થળે મોડા પહોંચવાથી મોટું આભ ફાટી જવાનું નથી. આમ પત્નીની નાની એવી ભૂલ થી તેઓ ટ્રેન ચૂકી ગયા એ બદલ પત્નીએ વારંવાર માફી પણ માગી, બે હાથ જોડી ને વાતને પૂરી કરવા માટે વિનંતી પણ કરી. પત્નિ થોડો ગુસ્સો કરીને પતિને જાહેરમાં વાતનું વતેસર ના કરવા અને જાહેરમાં ભવાડા ના કરવા પણ કહ્યું. કોઈપણ વાતે પતિ વાતનો છેડો ફાડવા તૈયાર ના હતો અને વાતને લાંબી જ કરી રહ્યો હતો.

આમ ને આમ લગભગ ત્રણેક કલાક ચાલ્યું. વચ્ચે વચ્ચે બંને શાંત થઈ જતાં હતા પણ પતિને ફરી ફરીને પાનો ચડતો હતો અને પોતાનું એ રટણ ચાલુ કરતો હતો. ત્રણેક કલાક પછી મારુ સ્ટેશન આવ્યું. હું ટ્રેનમાથી ઉતારી ગયો ત્યારે પણ પતિ તો પોતાની વાત ઉપર અડિંગો જમાવીને બેઠો જ હતો. એ દંપતી વચ્ચે આગળ શું થયું હશે તેની કલ્પના કરવી મારા માટે મુશ્કેલ હતી.

એ પતિ-પત્નિ વચ્ચે જેવુ થયું એવું ઘણીવાર, ઘણા લોકો સાથે અને ઘણા લોકો વચ્ચે બનતું જ રહેતું હોય છે. આપણને સૌને પણ આવું અનુભવ થયો હશે અથવા તો આપણે પણ ઘણીવાર આવું કર્યું હશે. મૂળ વાત ઘણીવાર એકદમ નાની અમસ્તી જ હોય, મૂળ વાતમાં ક્યારેક ખાસ કે જરાક પણ દમ પણ ના હોય, મૂળ વાતનું ખાસ કોઈ એવું મહત્વ પણ ના હોય છતાં ક્યારેક કોઈ એક વ્યક્તિ તો ક્યારેક બંને વ્યક્તિ જે મૂળ વાત ઉપર વિવાદે ચડ્યા હોય તેઓ વાત ને લાંબી ને લાંબી કર્યે જ જાય. એક વાતમાથી બીજી ને બીજી વાતમાથી ત્રીજી કાઢે. એક દલીલમાથી બીજી ને બીજીમાંથી ત્રીજી દલીલ શરૂ કરે. એક દોષારોપણ માઠી બીજો અને બીજામાંથી ત્રીજો દોષ કાઢે. આમ વાત, દલીલ, દાખલા અને દોષારોપણ ની હારમાળા સર્જાય. આવું થાય ત્યારે ક્યારેક એવું પણ બને કે મૂળ વાત તો ભુલાય જ જાય, મૂળ વાત તો કોરાણે જ મુકાઈ જાય અને મૂળ વાતનું સ્થાન બીજી ક્ષુલ્લક વાતો લઈ લે અને તેના ઉપર વિવાદ ચાલુ જ રહે.

મૂળ વાત ને કદાચ આપણે જ અટપટી કરીને બગાડતાં હોઈએ છીએ.

(ક્રમશઃ)